ક્વાડે ઇન્ડો-પેસિફિક લોજિસ્ટિક્સ નેટવર્કને આગળ વધારવા માટે ટોક્યોમાં ટેબલટોપ કવાયત પૂર્ણ કરી

3 અને 4 સપ્ટેમ્બર, 2026 ના રોજ, ક્વાડ ભાગીદાર દેશો (ઑસ્ટ્રેલિયા, ભારત, જાપાન અને યુનાઇટેડ સ્ટેટ્સ)એ સમગ્ર પ્રદેશમાં નાગરિક પ્રતિસાદના પ્રયાસોને વધારવા માટે ક્વાડ ઇન્ડો-પેસિફિક લોજિસ્ટિક્સ નેટવર્ક (IPLN) ને આગળ વધારવાના ઉદ્દેશ્ય સાથે જાપાનના ટોક્યોમાં ટેબલટોપ કવાયત (TTX) યોજી હતી. મે 2026 માં યોજાયેલી ક્વાડ વિદેશ મંત્રીઓની બેઠકમાં થયેલી સંમતિ મુજબ, જાપાનના સંરક્ષણ મંત્રાલયે TTX નું આયોજન કર્યું હતું.

2. એપ્રિલ 2025 માં હવાઈમાં યોજાયેલી પ્રથમ IPLN TTX અને ડિસેમ્બર 2025 માં ગુઆમમાં યોજાયેલી ફિલ્ડ ટ્રેનિંગ કવાયત (FTX) ના પરિણામોના આધારે, આ TTX માં કુદરતી આપત્તિના પ્રતિસાદ સાથે સંબંધિત પરિસ્થિતિઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. આ દરમિયાન, ક્વાડ ભાગીદારોએ દરેક ભાગીદારની લોજિસ્ટિક્સ ક્ષમતાઓનો શ્રેષ્ઠ રીતે ઉપયોગ કેવી રીતે કરી શકાય તેનું પરીક્ષણ કર્યું, તેમજ ચારેય ભાગીદારો વચ્ચે આંતર-સંચાલનક્ષમતા મજબૂત બનાવવા અને સંકલનને વધુ સુવ્યવસ્થિત કરવાની દિશામાં કામગીરી કરી. TTX દ્વારા, ક્વાડ ભાગીદારોએ IPLNની સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (SOPs) ના વિકાસ તરફ નોંધપાત્ર પ્રગતિ કરી છે, જે IPLN ને અસરકારક રીતે કાર્યરત કરવા માટે સંસ્થાકીય માળખું પૂરું પાડશે.

3. ક્વાડ ભાગીદારોએ તાજેતરના વિનાશક પૂરથી અસરગ્રસ્ત તમામ લોકો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરી અને જરૂરિયાતના સમયે પ્રાદેશિક ભાગીદારોને સહયોગ આપવા માટેની તેમની સહિયારી પ્રતિબદ્ધતાને પુનઃવ્યક્ત કરી. તેમણે કટોકટી અને આપાતકાલીન પરિસ્થિતિઓ દરમિયાન માનવતાવાદી અને રાહત પ્રયાસોનું શ્રેષ્ઠ રીતે સંકલન કેવી રીતે કરી શકાય તે અંગે પણ ચર્ચા કરી.

4. IPLN એક એવી પહેલ છે, જે ક્વાડ ભાગીદારોને સહિયારી લૉજિસ્ટિક્સ ક્ષમતાઓનો ઉપયોગ કરીને સમગ્ર ઇન્ડો-પેસિફિક વિસ્તારમાં મોટા પાયે સર્જાતી કુદરતી આપત્તિઓના નાગરિક પ્રતિસાદને વધુ ઝડપી અને કાર્યક્ષમ રીતે ટેકો આપવા સક્ષમ બનાવે છે. તેનો હેતુ જીવન બચાવવાનો, પુનઃપ્રાપ્તિના પ્રયાસોને વેગ આપવાનો અને પ્રાદેશિક ભાગીદારોને સહાય પૂરી પાડવાનો છે. આ TTX દ્વારા પ્રાદેશિક પડકારોનો સામનો કરવા તેમજ મુક્ત અને ખુલ્લા ઇન્ડો-પેસિફિકને સુનિશ્ચિત કરવા માટે વ્યવહારિક સહયોગને વધુ મજબૂત બનાવવાની ક્વાડની અડગ પ્રતિબદ્ધતાની પુનઃપુષ્ટિ કરવામાં આવી હતી. ક્વાડ ભાગીદારો ટેબલટોપ અને ફિલ્ડ ટ્રેનિંગ કવાયતો, વિશ્વાસ નિર્માણના પગલાં તથા વિષય નિષ્ણાતોના આદાન-પ્રદાન સહિતના પ્રયાસો દ્વારા IPLN ને કાર્યરત બનાવવા માટે પ્રયત્નો કરવાનું ચાલુ રાખશે.

નવી દિલ્હી

13 સપ્ટેમ્બર, 2026